GCCI
GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
(SINCE 1949)
(ગુજરાત વેપારી મહામંડળ)

૧૨ જુલાઇ, ૨૦૧૯ જીસીસીઆઇ/ડિ.સજ/રજૂ/૨૦૧૯-૨૦/7688

પોલીસ કમિશ્નરશ્રી
અમદાવાદ શહેર
પોલીસ કમિશ્નરશ્રીની કચેરી
શાહીબાગ
અમદાવાદ.

મહાશય,

<u>વિષય: આપનું પ્રાયોગિક જાહેરનામુ ક્રમાંક ગ/ઉપક/ટ્રાફીક/૧૨/૨૦૧૯/તા.૨૭-૫-૨૦૧૯ સંબંધે.</u>

આપને વિદિત છે તેમ ગત અમુક વર્ષોમાં અમદાવાદ શેરમાં ટ્રાફીકની સમસ્યા વધુ ગંભીર બની છે. આપશ્રીની કચેરી દ્વારા અમદાવાદ મહાનગરપાલિકા સાથે મળીને શહેરમાં ટ્રાફીકની આ સમસ્યાના ઉકેલ માટેના ઘણાં આવકારદાયક પ્રયત્નો અગાઉ કરવામાં આવેલ છે જે ખુબજ પ્રસંશનીય છે. આ પ્રયત્નોના કારણે અમુક અંશે ટ્રાફીકની સમસ્યા ઓછી થઇ છે પરંતુ તેમ છતાં હજુ પણ આ એક ગંભીર સમસ્યા છે.

હાલમાં આપશ્રી દ્વારા ઉપરોક્ત જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે જે ટ્રાફીકની સમસ્યાના નિરાકરણ ને બદલે તેને વધુ ગંભીર બનાવશે તેવો અમને ભય છે. આ બાબતે અમારા સભ્ય એસોસીયેશન અમદાવાદ મોટર ટ્રાન્સપોર્ટ એસોસીયેશન તરફથી આપશ્રીને તા.૫-૭-૨૦૧૯ના રોજ આ જાહેરનામા અંગે પુનઃવિચારણા કરવાની વિનંતી કરવામાં આવી છે. આ સાથે પત્રમાં તેમણે માલવાહક વાહનોના પ્રવેશ અંગે વૈકલ્પિક રસ્તો સૂચવ્યો છે જે અમારી દષ્ટિએ યોગ્ય અને તાર્કીક જણાય છે. **આ પત્રની નકલ અત્રે આપની જાણ અને યોગ્ય નિર્ણય સારુ બિડાણ** કરેલ છે.

વેપાર-ઉદ્યોગના વિકાસ તેમજ જનહિતને ધ્યાનમાં રાખી આ અંગે આપશ્રી દ્વારા યોગ્ય નિરાકરણ લાવવામાં આવશે તેવી અમોને ખાત્રી છે.

આભાર સહ,
આપનો વિશ્વાસુ,

દુર્ગેશ બુચ
*પ્રમુખ*

બિડાણ : ઉપર મુજબ

Shri Ambica Mills-Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380009 INDIA
+91 79 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org